STATUS

SMART BUDGET HOMES
2BHK & 3BHK

# सुपरर से ऊपरर...

# घर + फर्नीचर

## सिर्फ 10 % पेमेंट पर

## 2 BHK Fully Furnished Only in 6.5 Lac.






















## સુપર સે ઉપર ઓફર વિશેની સામાન્ય માહિતી

૧. ઓફરમાં દર્શાવેલ મુજબ રૂમનાં કામ માટેનો જ આ કરાર છે. આ કામમાં ન વર્ણવેલ વસ્તુઓ જે તૈયાર થયેલ સેમ્પલ ફલેટ, **3D View** તથા વોક થ્રુમાં ફકત રેફરન્સ માટે દર્શાવેલ છે. આ વધારાની વસ્તુઓ, કામ તથા સુધારા વધારા આ કરારનાં તથા કિંમતનો ભાગ નથી.

૨. ફલેટમાં ઈન્ટિરીયરનું કામ શરૂ કરાવતાં પહેલાં ફકત એકજ વખતમાં અગાઉથી નક્કી કરાયેલાં સેમ્પલો જેવાં કે લેમીનેટ, પડદા, સોફાનું કાપડ, વોલપેપર અને આર્ટીસ્ટીક લાઈટોનાં સેમ્પલોમાંથી જ, જે તે માલિકે/કલાઈન્ટે જાતે જ પસંદ કરવાનું રહેશે અને આખા ફલેટ માટે એક જ લેમીનેટ પસંદ કરવાનું રહેશે (એટલેકે અલગ અલગ રૂમ માટે જુદા જુદા લેમીનેટ ઉપયોગમાં લેવાશે નહિં.)

૩. સેમ્પલોની પસંદગી (લેમીનેટ, પડદા, લાઈટ, સોફાનું કાપડ) જે તે સમયને અનુરૂપ તથા તેની ઉપલબ્ધતા ઉપર નિર્ધારીત રહેશે.

૪. વોલ ટેકસચર પહેલાંથીજ નક્કી કરાયેલાં ડિઝાઈન મુજબ જ રહેશે. જેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે નહિં.

૫. વધારાનાં ડિઝાઈન ફેરફાર તેમજ સિવિલ કામોનાં ફેરફાર આ કરારનાં ભાગરૂપે રહેશે નહિં.

૬. આ ઓફર દ્વારા તૈયાર કરવામાં આવેલા ફલેટનાં ઈન્ટિરીયર કામોમાં તથા રૂમમાં કોઈપણ પ્રકારનાં કામોનું ફેરફાર તથા વધ ઘટ કરવામાં આવશે નહિં.

૭. કોઈપણ પ્રકારનાં ઈન્ટીરીયર કામનાં ભાગ અંગેની ફરીયાદ ગ્રાહકે ઈન્ટીરીયર કોન્ટ્રાકટરને કરવાની રહેશે. સાઈટ ઉપર કામ કરતાં મિસ્ત્રી, મજુરો કે અન્ય કોઈ ધંધાર્થીની સાથે તકરાર કરવી નહિં.

૮. ઈન્ટીરીયર કોન્ટ્રાકટર દ્વારા તૈયાર કરવામાં આવેલ ફલેટનાં ઈન્ટિરીયરનું કામ પુર્ણ થયેથી ગ્રાહકે જાતે ચકાસણી કરી લેવી તથા ફલેટનો કબ્જો સોંપ્યા બાદ કોઈપણ પ્રકારની વધારાની સર્વિસ કરી આપવામાં આવશે નહિં.

૯. કામની શરૂઆત નક્કી કરવામાં આવેલ એડવાન્સ પેમેન્ટ મળ્યાં બાદ જ શરૂ કરવામાં આવશે તથા ગ્રાહકનું પેમેન્ટ પુર્ણ થયેથી ફલેટનો કબ્જો આપવામાં આવશે જે ગ્રાહકે માન્ય કરવાનું રહેશે.

૧૦. ઈન્ટિરીયરનું કામ નક્કી કર્યેથી પરત બંધ કરવું કે કોઈપણ પ્રકારનાં કામની રકમ રીફંડ કરવામાં આવશે નહિં.

૧૧. તમામ પ્રકારનાં બેન્ક ચાર્જ ગ્રાહકને ચુકવવાનો રહેશે.

૧૨. તમામ પ્રકારનાં કરવેરા / ટેક્ષ / **GST** નાં વધારા કે ઘટાડાં મુજબ ગ્રાહકને ચુકવવાનો રહેશે.

૧૩. અહી રૂમનો મતલબ બેડરૂમ, કિચન-ડાયનીગરૂમ, લીવિંગરૂમ થાય છે.